ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૧૮ ટકા

# સાયબર ક્રાઈમ નાથવા હજાર પોલિસની ટીમ બનાવાશે

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે પાંચ દિવસની તાલીમનો પ્રારંભ : ત્રણ લેવલના કોર્સ તૈયાર કરાયા




ગાંધીનગર, તા.૮

કરાઈ ખાતે કાર્યરત સાયબર સુરક્ષા કવચ બ્રાન્ચ દ્વારા આગામી પાંચ વર્ષમાં એક હજાર પોલિસ અધિકારીઓની ટીમ તૈયાર કરી સાયબર ક્રાઈમને નાથવા કાર્યરત કરાશે તેવી માહિતી આજે એડીજીપી સંજય શ્રીવાસ્તવે આપી હતી. આજે ગાંધીનગર ખાતેની ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન અંતર્ગત આયોજિત પાંચ દિવસીય તાલીમ પ્રોગ્રામ બાબતે વાત કરતા તેમણે ઉપરોકત માહિતી આપી હતી. આ તાલીમ 'ફર્સ્ટ રિસ્પોન્ડન્ટ ટીમ' તૈયાર કરવા માટે આયોજિત કરાઈ છે.

આ પ્રસંગે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ડાયરેકટર એમ.એસ. દહિયાએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમનું પ્રમાણ વધતું જાય છે જે ચિંતાજનક બાબત છે. સાયબર ક્રાઈમને નાથવા પોલિસને હાઈટેક બનાવી અત્યાધુનિક તાલીમ આપવી જરૂરી બન્યું છે. કરાઈ પોલિસ એકેડેમી ખાતે કાર્યરત સાયબર સુરક્ષા કવચ બ્રાન્ચના એડીજીપી સંજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે પોલિસને હાઈટેક બનાવવા ત્રણ લેવલના કોર્સ ડિઝાઈન કરવામાં આવ્યા છે. જેમાં ફર્સ્ટ રિસ્પોન્ડન્ટ કોર્સ, પ્રોફેશનલ કોર્સ અને સ્પેશિયલ કોર્સનો સમાવેશ થાય છે. આ ત્રણેય કોર્સમાં ઈન્સ્પેકટર કક્ષાથી માંડીને ઉપર લેવલના અધિકારીઓને તાલીમ અપાશે. આ ત્રણેય કોર્સમાં ૬૦ ટકા થીયરીકલ અભ્યાસ અને બાકીના ૪૦ ટકા પ્રેકટીકલ અભ્યાસનો સમાવેશ કરાયો છે. આ તાલિમના આધારે આગામી પાંચ વર્ષમાં આશરે એક હજાર પોલિસ અધિકારીઓની ટીમ સાયબર ક્રાઈમને નાથવા તૈયાર થશે. આજના વૈશ્વિક આતંકવાદ, સોશિયલ મિડીયા તથા ઈ કોમર્સના યુગમાં સાયબર ક્રાઈમ એ મોટી સમસ્યા બનતો જાય છે જેને નિષ્ણાંત વગર ઉકેલવા અઘરા હોય છે. આથી પોલિસ તંત્ર દ્વારા આ બાબતે વધુ સજાગતા અને સતર્કતાના હેતુસર આ પ્રકારની તાલિમનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

## સે-૨૫માં બહેનો માટે રસોઈ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૮

હસમુખ ફર્નિચર દ્વારા બહેનો માટે રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ રસોઈ સ્પર્ધા રવિવારે સાંજે ૪ થી ૬ કલાકે ગાંધીનગર સે-૨૫ ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં શહેરની ઉત્સાહિત બહેનોએ ભાગ લીધો હતો. પોતાના ઘરેથી વાનગી બનાવી સ્થળ ઉપર ભાગ લેનાર તમામ બહેનોએ પોતાની વાનગીઓ રજુ કરી હતી. જેમાં અવનવી વાનગીઓનો રસથાળ જોવા મળ્યો હતો તથા તેમાં વિવિધતા હતી. રજવાડી ફલાવરનો હલવો, ડ્રાઈફ્રુટ પૌષ્ટિક સુખડી, મૌરયાનો મોહનથાળ, એપલ હલવો, લાડુ, સનફલાવર પીઝા, સ્વીટ એન્ડ સ્પાઈસી બોલ, કેક, બિસ્કીટ, સિંગ સલાડ, ફ્રુટ સલાડ જેવી જોતા જ મોઢામાં પાણી આવી જાય તેવી વાનગીઓ આકર્ષણનું કેન્દ્ર હતી.

જુદી જુદી કેટેગરી જેવી કે સ્વીટ ડીશ, સ્નેકસ ડીશ, સલાડ ડીશ, બેક ડીશ, ફરસાણ ડીશ, ફ્રુટ ડીશને ચાખીને નિર્ણાયક બહેનો સાધનાબેન પરમાર તથા વિણાબેન વોરાએ પોતાનો નિર્ણય રજુ કર્યો હતો જેનું પરિણામ તા. ૧૪-૫-૨૦૧૭ના દિવસે એવોર્ડ સમારંભમાં સાંજે જાહેર કરવામાં આવશે.

ભાગ લેનાર બહેનોને ગિફટ સાથે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્પર્ધક બહેનોએ પોતાના પ્રતિભાવ પણ વ્યકત કર્યા હતા.



## પોલેન્ડનું પોલિસ ડેલીગેશન ગાંધીનગર પધાર્યું

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે ખ્યાતિ મેળવી રહી છે એટલે આ યુનિવર્સિટીની મુલાકાતે વિવિધ દેશના પ્રતિનિધિઓ મુલાકાતે આવતા હોય છે. હાલ પોલેન્ડથી પોલિસ અધિકારીઓનું એક ડેલિગેશન જીએફએસયુની મુલાકાતે આવ્યું છે. હાલ આંતરરાષ્ટ્રિય સ્તરે આતંકવાદ વૈશ્વિક સમસ્યા બની ગયો છે. આતંકવાદીઓ દ્વારા લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાયબર ક્રાઈમ પણ આચરવામાં આવે છે તથા તેમના અપકૃત્યોને અંજામ આપવામાં આવે છે. આ પ્રકારની ગુનાખોરીને ઉકેલવા તથા તે પ્રત્યે કડક વલણ અખત્યાર કરવા ફોરેન્સિક સાયન્સ અત્યંત આવશ્યક બની રહ્યું છે. પોલેન્ડના પોલિસ અધિકારીનું ડેલિગેશન જીએફએસયુ ખાતે ગુજરાત પોલિસના અધિકારીઓ તથા યુનિવર્સિટીના તજજ્ઞો પાસેથી આ બાબતે મહત્વની તાલિમ પ્રાપ્ત કરી રહ્યું છે.

## @ગાંધીનગર

● સે-૧૨માં કડવા પાટીદાર સમાજ દ્વારા શ્રી ઉમિયા માતાજીનો ૧૪મો પાટોત્સવ સવારે ૮ કલાકે યોજાશે.

● ગાંધીનગરની રાજપૂત સંસ્થાઓ દ્વારા મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી અંતર્ગત સે-૧૭માં શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના કાર્યાલયથી સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે.

● સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટા ખાતે આયોજિત શિવકથામાં જયોર્તિલીંગ પ્રાગટયના દર્શનનો લાભ બપોરે ૩.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન ભકતો લઈ શકશે.

● સ્વરા મ્યુઝિકલ મેલોડી દ્વારા આયોજિત એવરલાસ્ટિંગ મેલોડિયસ સોંગ્સ કાર્યક્રમ સે-૧૭માં ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જુનિયર કલાર્ક ટુ સિનિયર કલાર્કના પ્રમોશન કોઈ કારણોસર અટકી પડયા છે. પ્રમોશન અટકી પડવાને કારણે પંચાયતના કર્મચારીઓમાં કચવાટ સાથે અસંતોષની લાગણી પ્રવર્તવા પામી છે.

● ગાંધીનગરના મોટાભાગના એટીએમ કેન્દ્રો પર પગારની તારીખો દરમિયાન જ કેશવિહિન સ્થિતિ જોવા મળે છે. પાટનગર કર્મચારીનગર હોવાને કારણે કેશવિહીન એટીએમ કેન્દ્રોના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને છતા પૈસે પરેશાની ભોગવવાનો વારો આવે છે.

## ગાંધીનગરમાં બુધ્ધ જયંતિ ઉજવાશે

દલિત એકતા મંચ ગાંધીનગર આયોજીત તથાગત ભગવાન બુધ્ધની જન્મ જયંતિ નિમિત્તે સેકટર-૨૫ની ચોકડી ગાંધીનગર ખાતે ભગવાન બુધ્ધની પુનિત ભુમિમાં સવારે ૯.૩૦ કલાકે જન્મ જયંતિ મહોત્સવ ઉજવવા રાખેલ કાર્યક્રમ નિમિત્તે ગાંધીનગર શહેર તથા જિલ્લાના તમામ બુધ્ધ પ્રેમી જનતાને જાહેર નમ્ર અપીલ સાથે આમંત્રીત કરવામાં આવે છે.

## ગુજરાત નાયી વાળંદ સમાજનો સેમિનાર યોજાયો



ગાંધીનગરના સેકટર-૧૩માં આવેલ લીમ્બચ ધામ ખાતે તાજેતરમાં સમાજના યુવક-યુવતીઓને માર્ગદર્શન માટે સેમિનારનું સુંદર આયોજન થયું હતું. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટેની પૂર્વ તૈયારીઓ અંગે જરુરી માર્ગદર્શન અને સુચનો આપવામાં આવ્યા હતા. પ્રેરણા પ્રગતિ મંડળ ગુજરાત નાયી વાળંદ સમાજના મંત્રી પ્રવિણભાઈ કે. નાયી તથા હોદેદારો દ્વારા કરવામાં આવેલ આ આયોજનમાં મોટી સંખ્યામાં સમાજના યુવક યુવતીઓ તેમજ સમાજના લોકોએ હાજર રહી સમાજની આ પ્રશંસનીય પ્રવૃત્તિને બિરદાવીને આવકારી હતી.

## ચ માર્ગ પર કાર-બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો રોકેટ ગતિએ વાહનો હંકારતા હોય છે. ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરીને બેફામ વાહનો હંકારતા વાહનચાલકો અકસ્માત નોંતરે છે. જેને પગલે શહેરના માર્ગો પર વાહન અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો હોય તેવું લાગી રહ્યું છે. આજે શહેરના ચ માર્ગ પર વિધાનસભાની પાસે કાર-બાઈક અને રીક્ષા વચ્ચે સવારના સુમારે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો. જયાંથી ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર આજે સવારના સુમારે રોકેટગતિએ પસાર થઈ રહેલી સ્વીફટ કાર નં- જીજે૧૮બીડી-૪૬૪૮ એ રીક્ષા નં- જીજે૧સી-૦૩૬ને ટક્કર મારીને બાઈક નં- જીજે૧૮સીકે- ૧૮૮૭ને અડફેટે લીધુ હતું. જેમાં બાઈક ચાલક વિનોદ કુમાર રામચરણ વાલ્મીકી રહે. ફતેપુરાને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જયારે રીક્ષા ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં રીક્ષાને સામાન્ય તેમજ બાઈકને વધુ નુકશાન પહોંચ્યું હતું. સવારના સમયે અકસ્માત સર્જાતા અન્ય વાહન ચાલકો તેમજ ચાલવા માટે નીકળેલા નગરજનો એકત્ર થયા હતા. બાઈક ચાલકને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે શહેરના માર્ગો પર બેફામ દોડતા વાહનો ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરીને અકસ્માત સર્જે છે ત્યારે રોકેટ ગતિએ દોડતા વાહન ચાલકો સામે તંત્રએ લાલ આંખ કરવાની જરૂર છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. જગદીશ પટેલ**
ખજાનચી
રોટરી કલબ ઑફ ગાંધીનગર

**ગાંધીનગર ગમે**

આ શહેર પોતાની નોકરીયાત વર્ગ માટેના શહેરની ઓળખાણને બદલીને અનેક શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, બિલ્ડર, પર્યાવરણ પ્રેમી, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓથી ધબકી રહ્યું છે ને એટલે તે મનમાં વસી ગયું છે.

**નગરજનો**

દરેક પ્રદેશના ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વ્યક્તિઓ સાથે હળીમળીને રહેવાની મજા કંઈક ઓર જ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આ શહેર અનેકવિધ સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિઓથી ધબકતું રહે છે. કલ્ચરલ ફોરમ અને રોટરી કલબના સભ્ય તરીકે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં મને ખૂબ આનંદ મળે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરને સ્વચ્છ અને સુદૃઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

નાગરિકોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે હંમેશાં તત્પર છું ને રહીશ.

## અગોરા મોલ પાસે કરેલ ચોરીનો ભેદ ઉકેલતી એસઓજી પોલીસ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં બનતી ચોરીઓ અટકાવવા અને થઈ ગયેલી ચોરીઓના ગુન્હાઓ શોધી કાઢવા માટે જિલ્લા એસપીએ એસઓજી સુચના આપતા એસઓજી પીઆઈ ડી.ડી. સોઢાએ પીએસઆઈ ડી.ડી.પરમાર અને એલ.એસ.ચૌધરી સહિત ટીમને માર્ગદર્શન અને સુચન કરતા ટીમ અડાલજ પોલીસ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હે.કો. રવિન્દ્રકુમાર અને પો.કો. પ્રદિપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગત તા. ૨૬ એપ્રિલને ૨૦૧૭ના રોજ અગોરા મોલ બહારના ભાગે પાર્ક કરેલ ગાડીમાંથી ચોરી થયેલ મોબાઈલ હાલ જે વ્યકિત પાસે છે તે વ્યકિત અપોલો સર્કલ આવવાનો છે. તે વ્યકિતએ સફેદ કલરની ટીશર્ટ અને વાદળી કલરનું પેન્ટ પહેરેલ છે. જેને પગલે પોલીસ વોચમાં હતી તે દરમિયાન શકમંદ વ્યકિત મળી આવતા તેની સઘન પુછપરછ કરતા તેને તેનું નામ જુગનુ નેઈમચંદ દરબારસીંગ રાજપુત (નટ) ઉ.વ. ૪૫ રહે. નાના ચિલોડા કાનન સોસા.પાસેના કાચા છાપરા, નરોડા અમદાવાદ કહ્યું હતુ. પોલીસે તેની અંગ ઝડતી લેતા તેની પાસેથી એમઆઈ કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. મોબાઈલ અંગે કોઈ સંતોષકારક જવાબ ન આપી પોલીસે ગુનો નોંધી ધરપકડ કરીને વધુ તપાસ અર્થે અડાલજ પોલીસને સોંપેલ છે.

## બાળકોએ વેકેશનમાં 'રોબોટસ' અંગે જ્ઞાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા.૮

વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના યુગમાં આગામી સમયમાં 'રોબોટસ'ની મહત્તા વધવાની છે. માનવીના ઘણા બધા કાર્યો યંત્ર માનવ કરશે અને સમાજની સુખાકારીમાં વધારો કરશે. આ રોબોટસ કેવા હોય છે તથા કેવી રીતે કાર્ય કરે છે તે જાણવાની ઉત્સુકતાતો અબાલવૃધ્ધ સૌ કોઈમાં જોવા મળે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ગઈ કાલે વિજ્ઞાન રસિક બાળકો માટે રોબોટિકસ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં રોબોટના જુદા જુદા પ્રકારો, તેની રચના, કાર્યપધ્ધતિ વગેરે અંગે માર્ગદર્શન આપી બાળકોને રિમોટ સંચાલિત રોબોટનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં એન્જિનીયરીંગ કોલેજના પ્રોફેસર કૌશલ જાનીએ વિદ્યાર્થીઓને



પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રોબોટસ અંગેનું જ્ઞાન પીરસ્યું હતું તેમજ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલે બાળકોને રોબોટસ અંગે રસપ્રદ માહિતી આપી હતી. વર્કશોપને સફળ બનાવવા સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

## ગંદા પાણીના પગલે સે-૧૩-બીમાં રોગચાળાનો વાવર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડ નં. ૫માં સમાવિષ્ટ વિસ્તાર સેકટર-૧૩-બીમાં છેલ્લા એક અઠવાડિયાથી ગંદુ પાણી આવે છે, જેના કારણે ત્યાંના ઘણા વસાહતીઓ ઝાડા, ઉલટી, કમળો તેમજ અન્ય બિમારીનો ભોગ બન્યા છે. અનેક લોકો હોસ્પિટલમાં દાખલ છે અને હજુ પણ દર્દીઓની સંખ્યામાં વધારો થતો રહે છે. વોર્ડ નં. ૫ના કાઉન્સીલર રમીલાબેન પ્રદિપસિંહ વાઘેલાએ આ વિસ્તારની મુલાકાત લીધી તેમજ ત્યાંના વસાહતીઓ જે હોસ્પિટલમાં દાખલ છે તેમની મુલાકાત લીધી અને તેમની મુશ્કેલી અને વ્યથા જાણીને ગાંધીનગર મહાનગરપાલિકાના હેલ્થ ઓફિસર ડી.બી. બારોટને આ બાબતે રજુઆત કરી હતી. હેલ્થ ઓફિસર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય પગલા લઈ જણાવેલ કે, પાણીની ચકાસણી કરવામાં આવી છે તથા પાણીની પાઈપલાઈન કયાંક લીકેજ થઈ હોય તો તેની પણ તપાસ ચાલુ છે તેમજ આરોગ્ય ખાતાની બહેનો દ્વારા ઘરે ઘરે ફરીને રોગના રક્ષણ સામેના ઉપાયોની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ છે.

## પૂજન ડાન્સ કલાસમાં ૧૦૦ બાળકો નૃત્યની તાલિમ મેળવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ સમર કેમ્પની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે. શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજીત કેમ્પમાં બાળકો રંગમંચલક્ષી પ્રવૃતિઓમાં મગ્ન બની ગયા છે. ત્યારે શહેરના સેકટર-૨ સ્થિત પૂજન ડાન્સ કલાસમાં અંદાજે ૧૦૦ બાળકોની સાથે સાથે યુવક-યુવતિઓ સહિત ભુલકાઓની મમ્મીઓ પણ ડાન્સના અવનવા સ્ટેપ્સ શીખવામાં મશગુલ બન્યા છે. કેમ્પ દરમિયાન બાળકોને શીખવાડવામાં આવેલ નાટ્ય કૃતિઓનું ટાઉનહોલ ખાતે પર્ફોમન્સ પણ યોજાશે. આ વર્ષના કેમ્પના સામાન્ય બાળકો સાથે બ્લાઈન્ડ અને ડિસેબલ બાળકો સાથે શ્રમિક પરિવારના ભુલકાઓ પણ ડાન્સના ઠુમકા લગાવતા નજરે પડશે.

ગાંધીનગર શહેરના સેકટર-૨ ડી સ્થિત પૂજન ડાન્સ કલાસ દ્વારા છેલ્લા દોઢ દાયકાથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ અનોખા સમર કેમ્પમાં નાના



ભુલકાઓની સાથે યુવક-યુવતિઓ તેમજ મમ્મીઓ પણ કેમ્પમાં ભાગ લઈ નૃત્યની તાલિમ મેળવી રહ્યા છે. કેમ્પની વિશેષતા છે કે નૃત્યની તાલિમ સાથે બાળકોને આર્ટ એન્ડ ક્રાફટ પણ શીખવાડવામાં આવે છે. અત્યારે હાલના સમયે ૧૦૦થી વધુ બાળકોની સાથે મોટેરાઓ ઝુમ્બા ડાન્સ, ભરત નાટયમ, કથ્થક, ગુજરાતી ફોક ડાન્સ, ગરબા, બોલીવુડ ફ્રી સ્ટાઈલ, હીપહોપ, કન્ટેમ્પરરી, યોગાની તાલિમ મેળવી રહ્યા છે. બાળકોને શીખવાડવામાં આવેલ રંગમંચલક્ષી કૃતિઓનું નિદર્શન આગામી સમયમાં નગરના ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં વિજેતા બાળકોને પ્રોત્સાહીત ઈનામ અને સર્ટીફિકેટ આપી નવાજવામાં આવશે. આ કેમ્પના સમય દરમિયાન નાના ભુલકાઓને હીન્દી ગીત સંગીત પર ડાન્સના વિવિધ સ્ટેપ્સ કરતા નિહાળવાનો પણ અનેરો લ્હાવો છે. જયારે નગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલ મહિલા અગ્રણી અને પૂજન ડાન્સ કલાસના સંચાલિકા પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા બાળકોમાં સ્ટેજ ફીયર દુર થાય, કોન્ફીડન્સ વધે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. અત્યારે હાલ પણ કેમ્પમાં એડમીશન ચાલુ છે.

## ચિરવિદાય

- સ્વ. લાલાજી મફાજી ટાંક, ઉ.વ. ૪૦
- સ્વ. હંસાબેન ભરતભાઈ દરજી, ઉ.વ. ૫૫
- સ્વ. આતાજી બાવાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. માન્યતા પરેશકુમાર સોલંકી, ઉ.વ. ૧ વર્ષ ૬માસ